ફક્ત રૂ. ૮૦/- થી શરૂ
ભરપુર કોમેડીની ધમાચકડી

ધમાલ - 4
અજય દેવગન, રિતેશ દેશમુખ, સંજય મિશ્રા
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે : ૯.૩૦
કુલ એક્શન થ્રીલર

આલ્ફા
બોબીદેઓલ, આલિયાભટ્ટ, અનીલકપુર
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે : ૯.૩૦
RUPAM CINEMA
એડ.બુકીંગ થિયેટર અને bookmyshow.com પર ચાલુ છે.

અનુસંધાન... પાના પહેલાનું

NEETનું પરિણામ...

માટે મેડિકલ એડમિશન અને કાઉન્સેલિંગનું સમયપત્રક પાટા પર રહે. NTAએ જણાવ્યું હતું કે, પ્રક્રિયાના રિ-એન્જિનિયરિંગ દ્વારા પરિણામ સમયસર જાહેર કરવામાં આવ્યું છે, જેમાં અલગ-અલગ તબક્કાઓને ક્રમિક રીતે ચલાવવાને બદલે એકસાથે(સમાંતર) ચલાવવા માટે ડિઝાઈન કરવામાં આવ્યા હતા, અને આન્સર કી જાહેર કરવાની પ્રક્રિયામાંથી OMR શીટ ચેલેન્જને અલગ કરવામાં આવી હતી. દરેક તબક્કો સંપૂર્ણ રીતે પૂર્ણ કરવામાં આવ્યો હતો અને ઉમેદવારો જોઈ શકે તે માટે ઉપલબ્ધ કરાવવામાં આવ્યો હતો. નેશનલ એલિજિબિલિટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ-અંડરગ્રેજ્યુએટ (NEET-UG) એ દેશની સૌથી મોટી અંડરગ્રેજ્યુએટ પ્રવેશ પરીક્ષા છે, જેમાં આ મહત્વપૂર્ણ ટેસ્ટ માટે લગભગ 25 લાખ ઉમેદવારો હાજર રહ્યા હતા. MBBS કોર્સ માટે કુલ 1,08,000 બેઠકો ઉપલબ્ધ છે. આમાંથી આશરે 56,000 સરકારી હોસ્પિટલો/કોલેજોમાં અને લગભગ 52,000 ખાનગી કોલેજોમાં છે. ડેન્ટિસ્ટ્રી, આયુર્વેદ, યુનાની અને સિદ્ધાના અંડરગ્રેજ્યુએટ કોર્સીસ પણ પ્રવેશ માટે NEETના પરિણામોનો ઉપયોગ કરે છે. પેપર લીક અને પરીક્ષા પ્રક્રિયામાં કથિત ગેરરીતિઓના વિવાદ બાદ, કેન્દ્ર સરકારે જાહેરાત કરી છે કે હવે આ પરીક્ષા પેન અને પેપર મોડને બદલે કમ્પ્યુટર આધારિત ટેસ્ટ(CBT) તરીકે લેવામાં આવશે. NEET-UG પરીક્ષા પેન અને પેપર મોડમાં લેવી કે ઓનલાઈન મોડમાં, તે અંગે શિક્ષણ અને આરોગ્ય મંત્રાલય વચ્ચે છેલ્લા કેટલાક વર્ષોથી વિગતવાર ચર્ચા-વિચારણા ચાલી રહી હતી.

પુરીની રથયાત્રામાં...

પહોંચાડવામાં આવ્યા. એક ૬૦ વર્ષીય વૃદ્ધનું ગૂંગળામણથી મોત થયું હતું. એક ૩૫ વર્ષીય યુવાનને સંભવિતપણે હાર્ટ એટેક આવ્યો હતો અને તેનું પણ મૃત્યુ થયું હતું. જો કે તેના મૃત્યુના ચોક્કસ કારણ અંગે તપાસ કરાઇ રહી છે. બાદમાં સાંજે લગભગ 7.30 વાગ્યે ભગવાન જગન્નાથનો રથ આગળ વધી શક્યો. થોડા જ મીટર ચાલ્યા બાદ પ્રથમ દિવસની યાત્રા રોકી દેવામાં આવી. યાત્રા આવતીકાલે સવારે ૯.૩૦ કલાકે ફરી શરૂ થશે અને 3 કિમી દૂર આવેલા ગુંડિચા મંદિર સુધી જશે. આખી રાત આ રથો જ્યાં અટકેલા છે ત્યાં જ રહેશે.

હોર્મુઝમાંથી પસાર...

MT મોમ્બાસા– પર થયેલા હુમલા બાદ આ એડવાઇઝરી આવી છે. આ જહાજો પર કુલ ૪૬ ક્રૂ મેમ્બર્સમાંથી ૩૦ ભારતીય નાવિકો સવાર હતા. MT અલ બાહિયા પર એક ભારતીય નાવિકે જીવ ગુમાવ્યો હતો જ્યારે અન્ય એક નાવિક ઘાયલ થયો હતો. MT મોમ્બાસા પર નવ ભારતીય નાગરિકો ઘાયલ થયા હતા. સરકારે મંગળવારે શિપિંગ ઓથોરિટીને આ ક્ષેત્રમાં કાર્યરત દરેક જહાજ પર રહેલા ભારતીય નાવિકો વિશે રિયલ-ટાઇમ માહિતી પ્રદાન કરવા માટે એક ડેશબોર્ડ સેટ કરવા જણાવ્યું હતું, પછી ભલે તે જહાજ ગમે તે દેશના ધ્વજ હેઠળ હોય.

અમેરિકાએ હુમલા...

વચગાળાની સમજૂતીને છિન્નભિન્ન કરી દીધી છે અને આ પ્રદેશને ફરીથી સંપૂર્ણ યુદ્ધ તરફ ધકેલી શકે છે. ઈરાની અધિકારીઓનું કહેવું છે કે અમેરિકાના હુમલામાં અત્યાર સુધીમાં 35થી વધુ લોકો માર્યા ગયા છે અને 300થી વધુ લોકો ઘાયલ થયા છે. હિંસાના આ તાજેતરના તબક્કામાં પહેલીવાર હુમલા ઈરાનની રાજધાની તેહરાનની આસપાસના વિસ્તારો સુધી પણ પહોંચ્યા છે, જે દર્શાવે છે કે અમેરિકનો પોતાના લક્ષ્યોનો વ્યાપ વધારી રહ્યા છે. ઈરાની સૈન્યના 'ખાતમ અલ-અંબિયા સેન્ટ્રલ હેડક્વાર્ટર'ના પ્રવક્તા કર્નલ ઈબ્રાહિમ ઝુલ્ફીકારીએ ચેતવણી આપી હતી કે જો પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની વારંવારની ચેતવણીઓ પર અમેરિકા અમલ કરશે કે અમેરિકા ઈરાની પુલો અને પાવર પ્લાન્ટ્સ પર હુમલો કરી શકે છે, તો ઈરાન પ્રાદેશિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર વ્યાપક હુમલા શરૂ કરી શકે છે. જો ટ્રમ્પની ધમકીનો અમલ કરવામાં આવશે, તો 'ઈસ્લામિક રિપબ્લિક ઓફ ઈરાન'ના શક્તિશાળી સશસ્ત્ર દળોના લોખંડી પ્રહારો હેઠળ આ ક્ષેત્રના તમામ ઈન્ફ્રાસ્ટ્રક્ચર કચડી નાખવામાં આવશે.

શાંતિ કરાર...

ટ્રમ્પે ફરી એકવાર ભારપૂર્વક જણાવ્યું હતું કે ઈરાન શાંતિ કરાર કરવા માટે તૈયાર છે, પરંતુ તેમણે આ અંગે કોઈ વિગતવાર માહિતી આપી નથી. મધ્યસ્થીઓએ તણાવ ઓછો કરવાનો પ્રયાસ કર્યો છે, પરંતુ અત્યાર સુધી તેઓ અસફળ રહ્યા છે. પાકિસ્તાનના વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે તે હજુ પણ અમેરિકા અને તેહરાનને વાટાઘાટોના ટેબલ પર લાવવાનો પ્રયાસ કરી રહ્યું છે, સાથે જ સ્વીકાર્યું કે મધ્યસ્થતા કરવાનું હવે વધુ મુશ્કેલ બની રહ્યું છે.

નાકાબંધી તોડીને...

કુરાકાઓ ધ્વજ ધરાવતા ઓઇલ ટેન્કર 'બેલમા' પર ગોળીબાર કર્યો હતો. આ જહાજે અનેક ચેતવણીઓની અવગણના કર્યા પછી, અમેરિકી વિમાને જહાજની ચિમનીમાં મિસાઇલ ફાયર કરીને આ વ્યાપારી જહાજને નિષ્ક્રિય કરી દીધું હતું.

ઇસરોમાંથી ૧૦૦...

જો કે ડિપાર્ટમેન્ટ ઓફ સ્પેસ દ્વારા સત્તાવાર રીતે નોકરી છોડનારાઓનો ચોક્કસ આંકડો જાહેર કરાયો નથી, પરંતુ ઇસરોના વિવિધ વર્તુળોએ જણાવ્યું કે તાજેતરના મહિનાઓમાં અંદાજે ૧૦૦ થી ૧૨૦ વૈજ્ઞાનિકોએ રાજીનામું આપ્યું હોઈ શકે છે. અહેવાલ મુજબ, બેંગલુરુ સ્થિત યુ. આર. રાવ સેટેલાઇટ સેન્ટરમાંથી લગભગ ૮૦ વૈજ્ઞાનિકો અને તિરુવનંતપુરમ સ્થિત વિક્રમ સારાભાઈ સ્પેસ સેન્ટરમાંથી આશરે ૨૦ વૈજ્ઞાનિકો છૂટા થયા છે. વિદાય લેનારાઓમાં દેશના કેટલાક વરિષ્ઠ અને હાઇ-પ્રોફાઇલ વૈજ્ઞાનિકો પણ સામેલ છે. જેમાં LVM3 ના પ્રોજેક્ટ ડિરેક્ટર વિક્ટર જોસેફ, URSC ના SpaDeX પ્રોજેક્ટ ડિરેક્ટર અને આદિત્ય રાલ્લાપલ્લીનો સમાવેશ થાય છે.

હવે અમેરિકામાં...

વિઝિટર્સ અને વિદેશી મીડિયા પ્રતિનિધિઓને આપવામાં આવતા I વિઝા માટે પણ રોકાણનો નિશ્ચિત સમયગાળો દાખલ કરે છે. આ નિયમ સત્તાવાર રીતે લાગુ થાય તે પહેલાં હવે તેને યુએસ સંસદની સમીક્ષામાંથી પસાર થવું પડશે. ટ્રમ્પ વહીવટીતંત્રે જણાવ્યું હતું કે, આ ફેરફારોનો હેતુ વિઝા સિસ્ટમની દેખરેખને મજબૂત કરવાનો અને રાષ્ટ્રીય સુરક્ષાની ચિંતાઓને દૂર કરવાનો છે. શૈક્ષણિક સંગઠનોએ ચેતવણી આપી છે કે, આના કારણે હજારો એવા આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ માટે અનિશ્ચિતતા ઊભી થઈ શકે છે જેમના શૈક્ષણિક કાર્યક્રમો ચાર વર્ષ કરતાં વધુ સમયના હોય છે.

દિલ્હી ડાયરી...

આતંકવાદીઓ સામે ઇન્ટેલિજન્સ ઓપરેશન ચલાવવામાં માહિર માનવામાં આવે છે. તેઓ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલના સૌથી નજીકના વિશ્વાસુઓમાં પણ ગણાય છે. માહિતગાર સૂત્રોના જણાવ્યા અનુસાર, આઈબી વડા તરીકે દીક્ષિતની નિમણૂક દેશના આંતરિક સુરક્ષા તંત્રને વધુ મજબૂતી અને મક્કમતા પ્રદાન કરશે તેવી અપેક્ષા છે. સવાલ એ રહે છે કે: જે ડેકા પહેલેથી જ એક્સટેન્શન પર હતા, તેમને બીજું સર્વિસ એક્સટેન્શન કેમ ન આપવામાં આવ્યું? જ્યારે તેમના સૌથી નજીકના 'બોસ' ઇચ્છતા હતા.

તિરૂપતિ મંદિરને...

નથી કરતી, પરંતુ દાતાઓ અત્યાર સુધી જે આજીવન લાભો ભોગવતા હતા તેને પણ નાબૂદ કરે છે. જૂના દાતાઓ(એટલે કે જેમણે ૧૫ જુલાઈ પહેલાં દાન આપ્યું છે)ને આ આજીવન લાભો મળવાનું ચાલુ રહેશે. આ જ કારણ છે કે મંગળવારે રાત્રે ૧૨ વાગ્યા પહેલાં દાન આપવા માટે ભક્તોનો અભૂતપૂર્વ ધસારો જોવા મળ્યો હતો. વિશ્વના સૌથી ધનિક મંદિરોમાંના એક એવા આ મંદિરમાં તાજેતરના વર્ષોમાં દાતાઓની સંખ્યામાં સતત વધારો જોવા મળ્યો છે.

સાઉદી અરેબિયા અને હુથી બળવાખોરો વચ્ચે નવેસરથી સંઘર્ષ ચાલુ થઈ ગયો છે



વિશ્વના સૌથી ધનિક દેશોમાંના એક ગણાતા સાઉદી અરેબિયા પાસે આધુનિક શસ્ત્રો અને લડાયક વિમાનો છે, તો પણ તેના પડોશી દેશ યમનના હુથી લડવૈયાઓની વાત આવે છે, ત્યારે ગલ્ફનો સૌથી શક્તિશાળી દેશ ભયભીત થઈ જાય છે. યમનના પર્વતીય પ્રદેશોમાંથી આવતા આ લડવૈયાઓ સાધનહીન દેખાઈ શકે છે, પરંતુ તેમની ગેરિલા યુદ્ધની યુક્તિઓ સાઉદી અરેબિયા માટે માથાનો દુખાવો બની ગઈ છે. સાઉદી અરેબિયા અને હુથી વચ્ચેની આ દુશ્મનાવટ નવી નથી, પરંતુ દાયકાઓ જૂની છે, જે સાઉદી અરેબિયાના સમગ્ર સુરક્ષા તંત્રને ભયભીત કરી રહી છે.

તાજેતરમાં સાઉદી દ્વારા યમનના સના એરપોર્ટ પર મોટા પાયે હવાઈ હુમલો કરવામાં આવતાં સાઉદી અરેબિયા અને હુથીઓ વચ્ચે તણાવ નોંધપાત્ર રીતે વધી ગયો હતો. ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લાહ અલી ખામેનીના અંતિમ સંસ્કારમાં હાજરી આપવા માટે એક મોટું હુથી પ્રતિનિધિમંડળ તેહરાન ગયું હતું. જ્યારે આ પ્રતિનિધિમંડળ ઈરાની વિમાનમાં યમન પરત ફરી રહ્યું હતું ત્યારે સાઉદી સમર્થિત યમનની સરકારે તેને તેના હવાઈ ક્ષેત્રનું ઉલ્લંઘન માન્યું હતું. તેમણે હુથીઓને સ્થાનિક વિમાનનો ઉપયોગ કરવાની વિનંતી કરી, પરંતુ હુથીઓએ સ્પષ્ટ ઇનકાર કરી દીધો હતો. પરિણામે, ઈરાની વિમાન સના એરપોર્ટ પર ઊતરવાનું હતું તે જ સમયે સાઉદી સમર્થિત દળોએ એરપોર્ટના રન વે પર બોમ્બમારો કર્યો, જેનાથી વિમાન ઊતરતું અટકી ગયું હતું. હુથીઓએ વિમાનને બીજે વાળ્યું અને તેને હોદેદાહ એરપોર્ટ પર સુરક્ષિત રીતે ઊતાર્યું હતું.

આ હુમલાથી ગુસ્સે ભરાયેલા હુથીઓએ તેને યુદ્ધવિરામનો ભંગ જાહેર કર્યો હતો અને સાઉદી અરેબિયાના અભા આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર મિસાઇલો અને ડ્રોનનો મારો ચલાવીને બદલો લીધો હતો, જેને સાઉદી હવાઈ સંરક્ષણ પ્રણાલીઓ દ્વારા હવામાં જ તોડી પાડવામાં આવ્યા હતા. સાઉદી અરેબિયાનો સૌથી મોટો ભય એ છે કે જો હુથીઓ યમન પર સંપૂર્ણ નિયંત્રણ મેળવી લેશે, તો તેની દક્ષિણ સરહદ પર એક અત્યંત આક્રમક અને શક્તિશાળી ઈરાની પ્રોક્સી સરકાર સ્થાપિત થશે. આ પરિસ્થિતિ સાઉદી અરેબિયાની રાષ્ટ્રીય સુરક્ષા માટે કાયમી ખતરો ઊભો કરશે, જે તેને પરવડી શકે તેમ નથી. આ કારણે હુથી અને સાઉદી વચ્ચેનું યુદ્ધ ફરી ચાલુ થયું છે.

સાઉદી અરેબિયાએ ૨૦૧૫ માં યમનની આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા પ્રાપ્ત સરકારના સમર્થનમાં હુથી બળવાખોરો સામે લશ્કરી ગઠબંધનની રચના કરી હતી. આ પ્રદેશના લાંબા સંઘર્ષમાં હજારો લોકો માર્યા ગયાં છે અને યમન વિશ્વના સૌથી મોટા માનવતાવાદી સંકટનો સામનો કરી રહ્યું છે. હાલમાં હુથી બળવાખોરો ઉત્તર યમનના મોટા ભાગો પર નિયંત્રણ ધરાવે છે, જેમાં રાજધાની સના અને ઘણાં મોટાં શહેરોનો સમાવેશ થાય છે,જ્યારે યમનની સરકાર હજુ પણ દેશના દક્ષિણના મોટા વિસ્તારો પર નિયંત્રણ ધરાવે છે. ૨૦૨૨ માં સાઉદી ઊર્જા મથકો પર હુથી હુમલા બાદ યુદ્ધવિરામ થયો હતો, જે મોટા ભાગે જળવાઈ રહ્યો છે, પરંતુ હવે તે ફોક થઈ શકે છે.

આ મુદ્દો અમેરિકન વેબસાઇટ એક્સિઓસના એક અહેવાલથી વધુ વકર્યો છે, જેમાં જણાવાયું છે કે સાઉદી અરેબિયાના ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાને યમનમાં ઈરાન સમર્થિત હુથી વિદ્રોહીઓ સામે લશ્કરી કાર્યવાહી શરૂ કરતાં પહેલાં અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પનો ટેકો માંગ્યો હતો. અહેવાલમાં અમેરિકન અધિકારીઓને ટાંકીને કહેવામાં આવ્યું છે કે મોહમ્મદ બિન સલમાને હુથી સામેનું ઓપરેશન શરૂ થાય તે પહેલાં ડોનાલ્ડ ટ્રમ્પને તેની જાણ કરી હતી અને ઓપરેશન માટે અમેરિકાનો ટેકો પણ માંગ્યો હતો. હાલમાં હોર્મુઝ સ્ટ્રેટમાં ચાલી રહેલી પરિસ્થિતિના કારણે સાઉદીનું તમામ ખનિજ તેલ બાબ અલ-મંડેબમાંથી પસાર થાય છે. હુથીઓ લાલ સમુદ્રની રક્ષા કરે છે અને સાઉદી અરેબિયા તેમને શક્તિશાળી બનવા દેવા માટે

તૈયાર નથી. જો બંને પક્ષો વચ્ચે તણાવ વધે તો હુથીઓ સાઉદી માટે હોર્મુઝ સ્ટ્રેટની જેમ બાબ અલ-મંડેબ પણ બંધ કરી શકે છે, જેને કારણે સાઉદી અરેબિયાને મોટો આર્થિક ફટકો પડી શકે તેમ છે.

હુથીઓ ઉત્તર યમનમાં રહેતો ઝૈદી શિયા સમુદાય છે. તેમનું નામ અંસાર અલ્લાહ છે, જેનો અર્થ અલ્લાહના મદદગારો થાય છે. બદ્રુદ્દીન અલ-હુથીએ ૧૯૯૦ ના દાયકામાં આ સંગઠનની સ્થાપના કરી હતી. તેમનો ગઢ ગણાતો સાદા પ્રાંત સાઉદી અરેબિયાની સરહદે છે. બંને વચ્ચે દુશ્મનાવટની ખરી શરૂઆત ત્યારે થઈ જ્યારે સાઉદી અરેબિયાએ યમનની સરહદ નજીક તેની વહાબી વિચારધારાને પ્રોત્સાહન આપવાનું શરૂ કર્યું. વહાબી વિચારધારા સુન્ની ઇસ્લામનું એક રૂઢિચુસ્ત સ્વરૂપ છે, જે સાઉદી અરેબિયા સાથે સંકળાયેલી છે. બીજી બાજુ, હુથી વિચારધારા શિયા અથવા ઝૈદી સંપ્રદાય સાથે જોડાયેલી છે. શિયા અને વહાબી વિચારધારાઓ વચ્ચેના પ્રાચીન સંઘર્ષથી શરૂ થયેલી આ દુશ્મનાવટ હવે એક ખતરનાક વળાંક પર પહોંચી ગઈ છે, જ્યાં યમનના પર્વતોમાં છુપાયેલા અને ગેરિલા યુદ્ધ ચલાવતા હુથી લડવૈયાઓ તેમનાં સસ્તા ડ્રોન અને મિસાઇલોથી સાઉદી અરેબિયાની અબજો ડોલરની સંરક્ષણ પ્રણાલીને નોંધપાત્ર આર્થિક નુકસાન પહોંચાડી રહ્યા છે. ગલ્ફનો સૌથી શક્તિશાળી દેશ સાઉદી અરેબિયા આધુનિક લશ્કરી અને ઘાતક શસ્ત્રો ધરાવતો હોવા છતાં પડોશી દેશ યમનના હુથી લડવૈયાઓથી ભયભીત છે.

જ્યારે સાઉદી અરેબિયાએ સરહદ પર વહાબી વિચારધારાને પ્રોત્સાહન આપવાનું શરૂ કર્યું, ત્યારે ઝૈદી શિયાઓને લાગ્યું કે તે તેમની સદીઓ જૂની ધાર્મિક ઓળખ અને સંસ્કૃતિ માટે ગંભીર ખતરો છે. જ્યારે પણ યમનની સરકાર નબળી બની, ત્યારે હુથીઓએ તેની વિરુદ્ધ શસ્ત્રો ઉપાડ્યાં હતાં. સાઉદી અરેબિયા હંમેશા યમનની સત્તાવાર કેન્દ્રિય સરકારને ટેકો આપતું હોવાથી હુથીઓ સાઉદી અરેબિયાના સીધા દુશ્મન બન્યા હતા. ૨૦૦૪ અને ૨૦૧૦ ની વચ્ચે યમનની સરકાર અને હુથીઓ વચ્ચે અનેક યુદ્ધો ફાટી નીકળ્યાં, જેમાં સાઉદી અરેબિયાએ યમનની સરકારને સીધો ટેકો આપ્યો હતો. સાઉદી અરેબિયા દર વર્ષે તેનાં સંરક્ષણ બજેટ પર અબજો ડોલરનો ખર્ચ કરે છે. તેની પાસે વિશ્વના શ્રેષ્ઠ અમેરિકન ફાઇટર જેટ, અત્યાધુનિક ટેન્ક અને મિસાઇલ સંરક્ષણ પ્રણાલીઓ છે. આ બધું હોવા છતાં હુથી લડવૈયાઓ જમીન પર સાઉદીને હંફાવી રહ્યા છે, જેનું મુખ્ય કારણ યમનનો અત્યંત મુશ્કેલ અને ખડકાળ ભૂપ્રદેશ છે.

૨૦૧૫ માં જ્યારે હુથીઓએ યમનની રાજધાની સના પર સંપૂર્ણ કબજો કરી લીધો અને તત્કાલીન રાષ્ટ્રપતિ અબ્દુરબ્બુહ મન્સૂર હાદીને દેશ છોડીને ભાગી જવા મજબૂર કર્યા, ત્યારે સાઉદી અરેબિયાએ સીધો હસ્તક્ષેપ કરવાનો મહત્ત્વપૂર્ણ નિર્ણય લીધો. સાઉદી અરેબિયાના નેતૃત્વમાં ગલ્ફ દેશોએ હુથીઓ સામે મોટા પાયે હવાઈ હુમલા શરૂ કર્યા, જેને ઓપરેશન ડિસિસિવ સ્ટોર્મ નામ આપવામાં આવ્યું. સાઉદી અરેબિયા માનતું હતું કે તેની આધુનિક વાયુસેનાની મદદથી તે થોડાં અઠવાડિયાંમાં હુથી લડવૈયાઓને શરણાગતિ સ્વીકારવા માટે મજબૂર કરશે, પરંતુ આ ધારણા સંપૂર્ણપણે ખોટી સાબિત થઈ. યુદ્ધ વર્ષો સુધી ચાલ્યું. હુથીઓએ યમનમાં સાઉદી સૈન્ય સામે લડત આપી, સાઉદી અરેબિયામાં ઘૂસણખોરી પણ કરી અને તેનાં એરપોર્ટ, લશ્કરી થાણાંઓ અને સૌથી સંવેદનશીલ તેલમથકો પર હુમલા શરૂ કર્યા. ૨૦૧૯ માં સાઉદી અરેબિયાની સરકારી તેલ કંપની અરામકો પર મોટા પાયે ડ્રોન અને મિસાઇલ હુમલાઓએ વૈશ્વિક તેલ બજારને હચમચાવી નાખ્યું. આ હુમલાએ સાઉદી તેલ ઉત્પાદનનો અડધો ભાગ અસ્થાયી રૂપે બંધ કરી દીધો. આ ઘટનાએ સાઉદી અરેબિયાના હુથીઓ પ્રત્યેના ભયમાં નોંધપાત્ર વધારો કર્યો.

હુથી લડવૈયાઓ યમનના ઊંચા પર્વતો અને સાંકડી ખીણોમાં ગેરિલા યુદ્ધ ચલાવે છે. જ્યારે સાઉદી અરેબિયાની સેના મેદાની લડાઈ અને હવાઈ હુમલામાં નિષ્ણાત છે. પર્વતોમાં દૂરથી હુમલો કરતાં દુશ્મનોનો સામનો કરવાનો અનુભવ તેમની પાસે નથી. વધુમાં, હુથી લડવૈયાઓ ખૂબ જ સસ્તા ડ્રોન અને ટૂંકા અંતરની મિસાઇલોનો ઉપયોગ કરે છે. આ સસ્તા ડ્રોનને તોડી પાડવા માટે સાઉદી અરેબિયાને તેની સૌથી મોંઘી પેટ્રિઅટ મિસાઇલ સંરક્ષણ પ્રણાલીનો ઉપયોગ કરવો પડે છે. એક પેટ્રિઅટ મિસાઇલની કિંમત લાખો ડોલર છે, જ્યારે એક હુથી ડ્રોનની કિંમત ફક્ત થોડાક સો ડોલર છે. આ આર્થિક નુકસાન સાઉદી અરેબિયાને આંતરિક રીતે નબળું પાડી રહ્યું છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

તાજેતરમાં સાઉદી દ્વારા યમનના સના એરપોર્ટ પર મોટા પાયે હવાઈ હુમલો કરવામાં આવતાં સાઉદી અરેબિયા અને હુથીઓ વચ્ચેનો તણાવ નોંધપાત્ર રીતે વધી ગયો હતો

પશ્ચિમ રેલવે

સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર, મુંબઈ સેન્ટ્રલ ડિવિઝન, પશ્ચિમ રેલવે ડિવિઝનલ રેલવે મેનેજર, કોમર્શિયલ ડિપાર્ટમેન્ટ, NFR સેક્શન મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ-400 008

કાર્ય - મુંબઈ ડિવિઝન પર વિવિધ NFR મીડિયા દ્વારા જાહેરાતનું પ્રદર્શન

હરાજી કેટલોગ નંબર	હરાજી શરૂ (તમામ લોટ)
MMCT-ADVT-26-32	28-07-26 15:00:00

ક્રમ નં.	લોટ નં.	સ્થાન/વિસ્તાર	દિવસો	ઈ-હરાજીની સમાપ્તિ તારીખ અને સમય
1	ADVT-BCT-ST-OH-498-26-1 (એડવર્ટાઇઝિંગ-આઉટ ઓફ હોમ)	સુરત સ્ટેશન પર વોટર ટેન્ક પર વોલ પેઇન્ટિંગ દ્વારા જાહેરાત પ્રદર્શિત કરવાના જથ્થાબંધ જાહેરાત અધિકારો,	1096	28-07-26 15:30:00
	3 વર્ષના સમયગાળા માટે, કુલ માપણી વિસ્તાર 1539 ચોરસ ફૂટ.			
2	ADVT-BCT-KHAR-OH-503-26-1 (એડવર્ટાઇઝિંગ-આઉટ ઓફ હોમ)	5 વર્ષના સમયગાળા માટે ખાર સ્ટેશનના એન્ટ્રી/એક્ઝિટ ગેટ પર અગ્રભાગ પર LEDના ઇન્સ્ટોલેશન	1826	28-07-26 15:40:00
	દ્વારા જાહેરાત પ્રદર્શિત કરવાના જથ્થાબંધ જાહેરાત અધિકારો, 2 નંગ LED, પ્રદર્શન સાઈઝ 52 ફૂટ X 12 ફૂટ અને 112 ફૂટ X 12 ફૂટ, કુલ માપણી વિસ્તાર 1968 ચોરસ ફૂટ.			
3	ADVT-BCT-KHAR-OSN-479-26-1 (એડવર્ટાઇઝિંગ ઓન સ્ટેશન પ્રિમાઇસીસ (નોન-ડિજિટલ))	ખાર સ્ટેશન પર, ડેક પર 3 વર્ષના સમયગાળા માટે બેસવાની વ્યવસ્થા સાથે ત્રણ લોલીપોપ માટેના જથ્થાબંધ જાહેરાત અધિકારો.	1096	28-07-26 15:50:00

સંપર્ક વિગતો:- લેન્ડલાઈન નં.:- 02267644212, ઈમેઈલ આઈડી:- acmadvtgbct@gmail.com

નોંધ: સંભવિત બોલીદાતાઓને વિનંતી છે કે તેઓ IREPS વેબસાઇટ (www.ireps.gov.in) પર ઈ-હરાજી લીઝિંગ મોડ્યુલની મુલાકાત લે. લોટ મુજબની વિગતો ત્યાં ઉલ્લેખિત કેટલોગ હેઠળ ઉપલબ્ધ છે. 0365

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: X.com/WesternRly

જાહેર નિવિદા નં- ૧૦ (બીજો પ્રયત્ન) સને ૨૦૨૬-૨૭

માર્ગ અને મકાન વિભાગ, ગુજરાત રાજ્ય

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી વતી કાર્યપાલક ઇજનેરશ્રી, વલસાડ (મા.×મ.) વિભાગ, સેવા સદન-૨, પેહેલો માળ, વલસાડ-૩૯૬૦૦૧, ફોન-નં-(૦૨૬૩૨) ૨૪૪૧૨૮ દ્વારા ઈ-ટેન્ડરીંગથી વિભાગ દ્વારા વલસાડ પેટા વિભાગ દ્વારા મકાન એસ.આર ના કુલ-૪ જેની અંદાજીત રકમ ૧૬.૭૦ લાખ થી ૨૫.૬૯ લાખ છે. માટે ઓનલાઇન ટેન્ડરો માંગવામાં આવે છે. જેના ટેન્ડરો વેબસાઈટ https://www.tender. nprocure.com ઉપરથી જોવા મળશે.

ઉપરોક્ત નિવિદામાં સમાવિષ્ઠ કામો તારીખ ૩૦-૦૬-૨૦૨૬ સમય ૧૮:૦૦ કલાક સુધીમાં ઓનલાઈન સબમીશન કરી શકાશે. અને શક્ય હશે તો ટેન્ડર બીજા દિવસે ખોલવામાં આવશે. કોઈ પણ કારણો આપ્યા સિવાય નિવિદા રદ કરવાની સતા અત્રેના વિભાગની અબાદિત રહેશે.

કાર્યપાલક ઇજનેર
વલસાડ (મા×મ) વિભાગ,
વલસાડ

ન. માહિતી/વલસાડ/૨૫૭/૨૦૨૬

RAJHANS® ગોપીતળાવ નવસારી બજાર, સુરત

ધમાલ - 4
૯.૪૫, ૧૧.૧૫, ૧૨.૩૦, ૨.૦૦, ૩.૧૫, ૪.૪૫, ૬.૦૦, ૭.૩૦, રાત્રે : ૯.૦૦, ૧૦.૧૫
(હિન્દી) એક્શન ફિલ્મ
The Odyssey
૧૨.૧૫, ૩.૩૦, ૬.૪૫, રાત્રે : ૧૦.૦૦

RAJ IMPERIAL INOX
Tickets Booking@Raj Imperial Inox
Ph.: 02612577777
વરાછા સરથાણા નેચર પાર્ક પાસે

ધમાલ - 4
ATMOS : ૯.૦૦, ૯.૩૫, ૧૦.૨૦, ૧૨.૦૦, ૧૨.૩૫, ૧.૩૦, ૩.૦૦, ૩.૩૫, ૪.૨૫, ૬.૦૦, ૬.૩૫, ૭.૨૦, રાત્રે : ૯.૦૦, ૯.૩૫, ૧૦.૧૫
ગાંગાણી ફિલ્મનું ગુજરાતી સુપરહીટ-ફિલ્મ
મેં તો પાલવડે બાંધી પ્રિત
૧.૫૦
વેલકમ ટુ ધ જંગલ
૧૨.૩૦
ગુજરાતી ફિલ્મ
શાતિર ૭.૧૫

The Odyssey
(હિન્દી): ૯.૦૦, ૯.૦૦, ૧૧.૩૦, ૨.૫૫, ૬.૨૫, રાત્રે : ૯.૦૦, ૯.૫૫
Evil Dead Burn
(હિન્દી): ૯.૦૦, ૧૧.૨૫, ૪.૫૦ રાત્રે : ૯.૫૫
આલ્ફા ૬.૦૫
મહાપ્રભુજી જગન્નાથ
(હિન્દી) : ૩.૪૫

APPLE CINEMA
★ મસાજર બેડ ★ કપલ બેડ ★ વીઆઈપી રીકલાઈનર
૬ઠ્ઠી માળ, એક્ઝોનિક મોલ, મહાવીર સંસ્કારધામ, ઈસ્કોન મંદિર પાસે, જહાંગીરપુરા, સુરત. 99984 46007
Book Tickets Now from : bookmyshow.com Paytm @applecinemasurat
ઓલપાડ બસ ડેપોમાં હવેથી એપલ (મલ્ટીપ્લેક્ષ) ની સિનેમાની ટીકીટો બુકીંગ માટે ઓફિસ ખોલવામાં આવી છે.
ધમાલ-4 (હિન્દી)
The dyssey (હિન્દી)
Evil Dead Burn (હિન્દી)
વેલકમ ટુ ધ જંગલ (હિન્દી)
આલ્ફા (હિન્દી)
શાતિર (ગુજરાતી)
કોકટેલ-2 (હિન્દી)
જીંદગી વન્સ મોર (ગુજરાતી)
રહુ મૈં તેરા રૂબરૂ (હિન્દી)
નાગ બંધમ (હિન્દી)

બેંક ઑફ ઇંડિયા Bank of India BOI

ઝોનલ ઓફિસ, સુરત ઝોન : બેંક ઓફ ઈન્ડિયા બિલ્ડીંગ, ૧લો માળ, ઘોડદોડ રોડ, પાંજરાપોળ સામે, સુરત-૩૯૫૦૦૧

સરફેસી એક્ટ, ૨૦૦૨ હેઠળ મિલકતોની ઈ-હરાજી વેચાણ નોટીસ

**ઈ-હરાજીની તા.૨૫.૦૮.૨૦૨૬ સવારે ૧૧ થી સાંજે ૫ સુધી (ઓટો એક્સટેન્શન નિયમ પ્રમાણે હરાજી બંધ થવ